# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થી(વિદ્યાર્થી અને વિદ્યાર્થીની બંને) તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GRE ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચિંગ સહાય યોજના

**(ઠરાવ સાથે ધ્યાને લેવાના મુદ્દાઓ)**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના શૈક્ષણિક વિકાસ માટે વિવિધ શૈક્ષણિક યોજનાઓ અમલમાં છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા.૦૨-૧૧-૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૩/એનબી-૭૪૧/અ.૧ થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાતવર્ગની વિદ્યાર્થીનીઓને **IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA** લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી **IELTS, TOFEL, GRE** ની પરીક્ષામાથી કોઈપણ એક પરીક્ષાની પુર્વ તૈયારી માટે તાલીમાર્થીને રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ભરેલ ફી એ બે પૈકી જે ઓછુ હોય તે તાલીમાર્થીના બેંક ખાતામાં **DBT** મારફતે સહાય ચુકવવાની યોજના અમલમાં છે. સદર યોજનાનુ અમલીકરણ ઓનલાઈન થતા તેની સામાન્યતઃ અરજીઓ મંજુર કરતા સમયે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવાના રહેશે.

**ઠરાવો :**

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/એનબી-૭૪૧/અ.૧ તા.૦૨-૧૧-૨૦૨૨

❖ **યોજનાનું સ્વરૂપ/સહાયના ધોરણો**

- **IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA** લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી **IELTS, TOFEL, GRE** ની પરીક્ષામાથી કોઈપણ એક પરીક્ષાની પુર્વ તૈયારી માટે તાલીમાર્થીને રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ભરેલ ફી એ બે પૈકી જે ઓછુ હોય તે તાલીમાર્થીના બેંક ખાતામાં **DBT** મારફતે (ડી. બી. ટી.) મારફતે વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં મળવાપાત્ર થશે.
- આ યોજનાનો ઓનલાઈન અમલ e-samajkalyan portal પર કરવામાં આવે છે.

## ❖ આવક મર્યાદા

- કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૬.૦૦ લાખ કે તેથી ઓછી.

## ❖ વિદ્યાર્થીઓએ ધ્યાને લેવાના મુદ્દાઓ

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ(કુમાર અને કન્યા) તથા આર્થિક રીતે પછાતવર્ગની વિદ્યાર્થીનીઓ(કન્યા)ને આ યોજનાનો લાભ ધો. ૧૨ માં ફકત એક જ વાર મળવાપાત્ર રહેશે.
- તાલીમાર્થીઓએ અરજી કરતા પૂર્વે પોર્ટલ પર મૂકવામાં આવેલી માર્ગદર્શિકાનો સંપૂર્ણ અભ્યાસ કરવો અનિવાર્ય છે.
- તાલીમાર્થીએ **CEPT, NIFT, NLU** ના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાની કોચિંગ સહાય માટે તાલીમાર્થીને ધોરણ-૧૦માં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઇએ.
- જયારે **IIM** ના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાની કોચીંગ સહાય માટે તાલીમાર્થીએ ધોરણ-૧૨ના કોઇ પણ પ્રવાહમાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ અને કોઇ પણ પ્રવાહના સ્નાતક અભ્યાસક્રના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા હોવા જોઇએ અથવા સ્નાતક થયેલ હોય તો સ્નાતકની પરીક્ષામાં ૬૦%થી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.
- **IELTS, TOEFL, GRE** જેવી વિદેશ અભ્યાસના હેતુસર આપવાની થતી પરીક્ષાની કોચીંગ સહાય માટે તાલીમાર્થીએ ધોરણ-૧૨ના કોઇ પણ પ્રવાહમાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.
- તાલીમાર્થીના ધોરણ-૧૦ અને ૧૨ માં પર્સેન્ટાઇલ ધ્યાને લેવાશે નહિ.
- તાલીમાર્થી જે સંસ્થા/ટ્યુશનમાં જતો હોય તે સંસ્થા/ટ્યુશન ફરજીયાત GST/PAN નંબર ધરાવતી હોવી જોઇએ. જેના આધાર રજુ કરવાના રહેશે.
- તાલીમાર્થીના તાલીમનો વર્ગ ઓછામાં ઓછામાં ઓછો ૯૦ દિવસ સુધીની તાલીમનો હોવો જોઇએ.

- તાલીમાર્થીએ પોર્ટલ પર પોતાની બેચના ચોક્કસ સમયગાળા અને બેચના સમયની જાણ કરવાની રહેશે.
- તાલીમાર્થીએ ટ્યુશન કલાસીસમાં એડમીશન મેળવ્યા અંગેનો એડમીશનની તારીખ સાથેનો એડમીશન લેટર રજુ કરવાનો રહેશે.
- ઓનલાઇન અરજી સહ જરૂરી સાધનિક પુરાવાઓ ઓરીઝનલ ડોક્યુમેન્ટ સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે.
- તાલીમાર્થીએ ઓનલાઇન અરજી કર્યાની તારીખથી ઓનલાઇન અપલોડ કરેલ ડોક્યુમેન્ટ તથા અરજીની હાર્ડ કોપી સાથે જે જિલ્લામાં કોચિંગ કલાસ હોય તે જિલ્લા કચેરીએ ૨૦ દિવસની અંદર રજુ કરવાની રહેશે. સમય મર્યાદા બાદ હાર્ડકોપી જિલ્લા કચેરીએ રજુ કરેલ હશે તો  અરજી નામંજુર કરવામાં આવશે.
- જમા કરાવેલ હાર્ડ કોપીની અરજીમાં કોઈ ક્ષતિ જણાશે અને તે સુધારણા અર્થે પરત (Send Back) કરવામાં આવશે, તો તાલીમાર્થીએ ૧૫ દિવસની અંદર તે પુર્તતા કરી અરજી ફરીથી ઓનલાઇન સબમિટ કરવાની રહેશે. તેમજ પુર્તતામાં કોઇ નવો પુરાવો ઓનલાઇન અપલોડ કરેલ હોય તો તેની નકલ જિલ્લા કચેરીએ આપવાની રહેશે.
- સરકારશ્રી દ્વારા અમલિત સમાન પ્રકારની અન્ય કોઈ પણ યોજનાનો લાભ મેળવતા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.
- **Online** માધ્યમથી તાલીમ મેળવતા તાલીમાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ.
- અરજદારે જે–તે વર્ષમાં જ e-samajkalyan portal પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- આ યોજનાની અરજીઓ/દરખાસ્તો મંજુર/નામંજુર કરવાની સતા સબંધિત જિલ્લાના જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.ક.) ની રહેશે.

## ❖ **સંસ્થાએ ધ્યાને લેવાના મુદ્દાઓ**

- સંસ્થા ટ્રસ્ટ એકટ/શોપ એસ્ટાબીલ્સમેન્ટ એકટ (ગુમાસ્તા ધારો)/કંપની એકટ પૈકી કોઇ પણ એક કાયદા હેઠળ નોંધાયેલી હોવી જોઇશે.

- સંસ્થા ન્યૂનતમ ૩ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ જગ્યાએ (શહેર/નગર/ગામ) સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ અને શિક્ષણના ક્ષેત્રમાં કાર્યાન્વિત હોવી જોઈશે.
- સંસ્થા ન્યૂનતમ ૩ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ જગ્યાએ કાર્યરતના પુરાવા માટે સંસ્થાએ ક્રમ નં. ૧ મુજબ સંસ્થાના રજિસ્ટ્રેશનના પુરાવા/માલિકીના આધાર પુરાવા/જો સંસ્થાનુ સ્થળ ભાડે હોય તો છેલ્લા ત્રણ વર્ષના ભાડાકરાર રજુ કરવાના રહેશે.
- તદ્દન હંગામી ધોરણે શરૂ કરેલા કલાસીસ માન્ય ગણાશે નહી.
- સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષના **IT** રીટર્ન રજુ કરવાના રહેશે. જેમાં શૈક્ષણિક/કોચિંગ હેતુસર થયેલ આવક તરીકે દર્શાવેલ હોવી જોઈએ.
- સંસ્થા ફરજીયાત **GST/Pan** નંબર ધરાવતી હોવી જોઈએ. જેના આધાર રજુ કરવાના રહેશે.
- સંસ્થાઓમાં તાલીમાર્થીઓની હાજરી માટે હાજરીપત્રક નિભાવવાનું રહેશે.
- **CCTV** કેમેરા લગાવેલ હોવા જોઈએ તેનું બેકઅપ સંસ્થાકક્ષાએ કલાસ પૂર્ણ થયાના એક વર્ષ સુધી રાખવાનું રહેશે.
- તાલીમી સંસ્થા પાસે તાલીમાર્થીઓના પ્રમાણમા પ્રાથમિક સુવિધાઓ હોવી જોઈશે. તેમજ અન્ય સરકારી ધારા–ધોરણોનુ પાલન કરવાનુ રહેશે.
- તાલીમી સંસ્થાએ રજીસ્ટ્રેશન સમયે બ્લેક લીસ્ટ થયા અંગેની વિગતો આપવાની રહેશે જો સંસ્થાએ વિગતો આપેલ નહી હોય અને પાછળથી બ્લેકલીસ્ટ થયા અંગેની જાણકારી મળશે તો સંબધિત સંસ્થા વિરૂધ્ધ જરુરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

*****

***ઉક્ત તમામ મુદ્દાઓ માર્ગદર્શન પુરતા છે. સરકારશ્રીના ઠરાવ ધ્યાને લઈ અરજીઓ મંજુર/નામંજુર કરવાપાત્ર રહેશે.**